# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT- 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા “મન કી બાત” કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કર્યા. કાર્યક્રમની 138-મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું, સમગ્ર દેશે આ વર્ષની શરૂઆત સોમનાથ સ્વાભિમાન પર્વ સાથે કરી. મોઢેરા સૂર્યમંદિરનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું, મોઢેરા સૂર્યમંદિર આપણા માટે સૂર્યપ્રકાશ, ઉર્જા, વિજ્ઞાન અને સાતત્ય પ્રેરણાનું પ્રતીક છે. એટલે આજે મોઢેરા માત્ર સૂર્ય મંદિર માટે જ નહીં, પરંતુ દેશના પહેલા સૂર્યગ્રામ એટલે કે, સોલાર વિલેજ પણ બની ગયું છે. મકરસંક્રાંતિ બાદ જાન્યુઆરીમાં મોઢેરા નૃત્ય મહોત્સવ યોજાય છે. તેમાં સાંસ્કૃતિક અને શાસ્ત્રીય નૃત્યોની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવે છે. શ્રી મોદીએ લોકોને મોઢેરાના ગૌરવશાળી વારસાને જોવાની પણ અપીલ કરી.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) SOMNATH

શ્રી મોદીએ વસતિ ગણતરી અંગે કહ્યું, તેનો પહેલો તબક્કો તમામ રાજ્યોમાં પૂરો થઈ ગયો છે અને 32 કરોડથી વધુ પરિવારોની વિગત નોંધાઈ છે. શ્રી મોદીએ કહ્યું, વસતી ગણતરી તમામ લોકોની રાષ્ટ્રીય જવાબદારી છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) CENSUS

# PM MANN KI BAAT- 2

શ્રી મોદીએ આગામી બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની જયંતીનો ઉલ્લેખ કરતા કહ્યું, સ્વચ્છતા જ મહાત્મા ગાંધીને સાચી શ્રદ્ધાંજલિ હશે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) SWACHTTA SEVA

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે સાબરમતીમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુની મુખ્ય રેલવે વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને પ્રારંભ કરાવ્યો. શ્રી શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સાબરમતી રેલવેમથકથી દેશની પહેલી LNG સંચાલિત ટ્રેનને પણ લીલીઝંડી આપી. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગત 12 વર્ષમાં ભારતીય રેલવેમાં થયેલા નોંધપાત્ર પરિવર્તન પર પ્રકાશ પાડ્યો. શ્રી શાહે કહ્યું, રેલ્વેમાં વાર્ષિક ડીઝલનો ઉપયોગ 293 કરોડ લિટરથી ઘટીને 108 કરોડ લિટર થયો છે, જેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

કેન્દ્રીય ગૃહમંત્રીએ આધુનિક રેલવેની માળખાકીય સુવિધાઓમાં ભારતની ઝડપી પ્રગતિ પર ભાર મૂક્યો, જેમાં ઉચ્ચ-શક્તિવાળા WAG-12 ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સ અને સમર્પિત ફ્રેઈટ કોરિડોરથી લઈને 'કવચ' જેવી અદ્યતન સ્વદેશી સલામતી પ્રણાલીઓનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં રેલવે લૉકોઍન્જિનની જાળવણી માટે શરૂ કરવામાં આવી રહેલા WAG 12 મેઇન્ટેનન્સ શેડ, ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ્સનું ઉદ્ઘાટન અને વિવિધ રૂટ પર સ્વદેશી 'કવચ' સલામતી પ્રણાલીનો શિલાન્યાસ કરાયો. આ પહેલા શ્રી શાહે અમદાવાદના શેલા વિસ્તારમાં આચાર્ય પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબના 92-મા જન્મદિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# LRD BHARATI UMEDVARU JAHERAT

લોકરક્ષક ભરતીમાં ગેરકાયદ ઠરાવવામાં આવેલા 385માંથી 10 ઉમેદવારને ફરી તક અપાઈ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, ગત 14 જૂને લેવાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં 385 ઉમેદવારને ગેરરીતિ બદલ ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. જોકે, તેમને રજૂઆતની તક અપાતા 25 ઉમેદવારોએ ભરતી બોર્ડ સમક્ષ રૂબરૂ રજૂઆત કરી. તેમાંથી 10 ઉમેદવારની રજૂઆત ભરતી બોર્ડે ગ્રાહ્ય રાખી છે. હવે આ ઉમેદવારોને 385 ગેરલાયક ઉમેદવારોની યાદીમાંથી બહાર કઢાતા તેમને દસ્તાવેજ ચકાસણી પ્રક્રિયામાં સામેલ કરાશે.